**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,**
**મધ્ય ગુજરાત વિજ કંપની લિમિટેડ,**
**પાંચમો માળ, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા – ૩૯૦ ૦૦૭.**
**સમક્ષ**
**કેસ નં. એમ.જી. I-૧૧-૨૦૧૫-૧૬**

અરજદાર: રીટાબેન લલીતચંદ્ર પટેલ,
મુ.: સાંગાડોલ, તા.વાઘોડીયા,
જી.: વડોદરા.

રજુઆત કરનાર: લલીતચંદ્ર જીવનલાલ પટેલ(ફરીયાદીના પતિ)

સામાવાળા: નાયબ ઇજનેર
મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ,
વાઘોડીયા સબ-ડિવિઝન.

રજુઆત કરનાર: શ્રી ટી.આર.પટેલ , નાયબ એન્જીનીયર, વાઘોડીયા સબ-ડિવિઝન.

ફરીયાદીની તા. ૦૮.૦૫.૨૦૧૫ના રોજની ખેતીવાડી વીજ જોડાણ ચાલુ કરવા માટેની અરજી.

તા. ૨૧.૦૫.૨૦૧૫ ના રોજ ફરિયાદીની ફરિયાદ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ સમક્ષ સાંભળવામાં આવી. જેમાં ફરિયાદી તરફે ફરિયાદીના પતિ લલીતચંદ્ર જીવનલાલ પટેલ તેમજ સામાવાળા એમ.જી.વી.સી.એલ. તરફે શ્રી ટી.આર પટેલ, નાયબ એન્જીનીયર, વાઘોડીયા સબ-ડિવિઝનની લેખિત રજુઆત ફોરમ સમક્ષ મળેલ .ફોરમે તેને વાંચનમાં લીધી.

ફરીયાદીની ટૂંકમાં વિગત એવી છે કે,

૧. ફરિયાદીખેતીની જમીન પ્લોટ નં. ૭૯૨ અને ૭૯૩/અ મોજે સાંગાડોલ તા. વાઘોડીયા જી.વડોદરામાં આવેલી જમીનના માલિક છે.આ જમીન ફરીયાદીએ મૂળ માલિક પ્રભાતસિંહ માનસિંહ રાઠોડ પાસેથી તા. ૦૮.૦૧.૨૦૦૭ ના રોજ વેચાણ દસ્તાવેજ કરી વેચાણ રાખેલ.

૨. જમીન વેચાણ રાખ્યા બાદ તે જમીનમાં કુવો અને ખેતીવિષયક વીજ જોડાણ જુના માલિકના નામે હતું. જેનો ગ્રાહક નં.૦૨૯૫૩/૦૦૧૦૦૫/૦ હતો.

૩. સદર વીજ જોડાણ નામફેર કરાવીને અરજદારે પોતાના નામે ૨૦૦૮ની સાલમાં કરાવી દીધેલ.

૪. ત્યાર બાદ મૂળ માલિક શ્રી પ્રભાતસિંહ માનસિંહ રાઠોડની તા.૦૮.૦૬.૨૦૧૧ની અરજીના આધારે નામદાર ડેપ્યુટી કલેકટર ડભોઇને કરેલ અરજીના અનુસંધાનમાં વેચાણ દસ્તાવેજ ગેરલાયક ઠેરવેલ.

૫. ત્યારબાદ ૭/૧૨ અને ૮ અ રેવન્યુ રેકર્ડમાં મૂળ માલિક ના નામે થવાથી ફરીથી વિજ જોડાણ શ્રી પ્રભાતસિંહ માનસિંહ રાઠોડના નામે બદલાયુ, ત્યારબાદ તેમની લેખિત અરજી ૧૯.૧૦.૨૦૧૧ ની અરજીમાં વિજ પ્રવાહ કામચલાઉ ધોરણે બંધ કરવા જણાવ્યા ના આધારે તા.૧૬.૧૧.૨૦૧૧ ના રોજ વીજ કનેકશન વિજ થાંભલા ઉપરથી બંધ કરવામાં આવેલ.

ફરિયાદી તરફે ફરિયાદીના પતિ લલીતચંદ્ર જીવનલાલ પટેલહાજર રહ્યા અને જણાવ્યુ કે,અમો ખેતીવિષયક વીજ જોડાણ ધરાવતા હતા જે ૨૦૧૧ થી બંધ કરેલ છે.અમોએ ૨૦૦૭ માં જમીન ખરીદ કરેલ ત્યારે અમારા નામે વીજ જોડાણ નામ ફેર કરાવી લીધેલ જે ૨૦૧૧ સુધી ચાલુ હતુ.અમોએ જમીન ખરીદી ત્યાર બાદ ૭/૧૨ ના ઉતારામાં એન્ટ્રી કરેલ.પ્રભાતસિંહ માનસિંહ રાઠોડનાએ એમજીવીસીએલને જોડાણ રદ કરવા વાંધા અરજ કરેલ સદર જમીન બાબતે પ્રભાતસિંહ માનસિંહ રાઠોડએ સબંધિત કચેરીમાં ૭/૧૨ ના ઉતારા માંથી અમારા નામની એન્ટ્રી રદ કરાવેલ.જેની સામે અમોએ કલેકટર કચેરીમાં અપીલ કરતા કલેકટરશ્રીએ અમારી તરફેણમાં ચૂકાદો આપેલ.આ ચૂકાદા સામે પ્રભાતસિંહ માનસિંહ રાઠોડએ મહેસૂલ પંચમાં અપીલ કરેલ છે.જે કેસ હાલમાં ચાલુ છે.

સામાવાળા તરફે શ્રી ટી.આર.પટેલ નાયબ ઇજનેર વાઘોડીયા એ સમસ્ત કેસના ઓફિસ રેકર્ડની જાણ લેખિતમાં ફોરમ સમક્ષ મોકલેલ.જે ફોરમે વાંચનમાં લીધેલ.

ફોરમના સભ્યો સુનવણી દરમ્યાન હાજર રહયા અને પક્ષકારને સાંભળયા તથા પક્ષકાર તરફે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાની ચકાસણી કરી અને એ નિર્ણય પર આવ્યા કે ફરીયાદીએ પ્રભાતસિંહ માનસિંહ રાઠોડ પાસેથી જમીન ખરીદ કરેલ આ જમીન પર મૂળ માલિકનું વીજ જોડાણ હયાત હતું ત્યાર બાદ સદર જોડાણ ફરીયાદીએ પોતાના નામ પર કરાવેલ પરંતુ મૂળ જમીન માલિક પ્રભાતસિંહ માનસિંહ રાઠોડએ સંબંધિત રેવન્યુ કચેરીમાં ૭/૧૨ ના ઉતારા માંથી ફરીયાદીનું નામ કમી કરાવેલ.જેથી વીજ જોડાણ મૂળ માલિકની અરજીના આધારે શ્રી પ્રભાતસિંહના નામે કરવામાં આવેલ. પ્રભાતસિંહ દ્વારા હવે પોતાનું કનેકશન બંધ કરવાની અરજીના આધારે એમજીવીસીએલે તા.૧૬.૧૧.૨૦૧૧ ના રોજ વીજ જોડાણ બંધ કર્યું આની સામે ફરીયાદીએ કલેકટર કચેરીમાં અપીલ કરેલ હોવાનું જણાવેલ છે અને જમીનના મૂળ માલિકે મહેસૂલ પંચમાં અપીલ કરેલ.જે હાલમાં ચાલુ છે.હાલમાં ૭/૧૨ ના ઉતારામાં ફરીયાદી નું નામ નથી, જેથી જમીન ફરીયાદીની માલિકીની છે તેવું કહી શકાય નહીં. હવે જયારે જમીનની માલિકી ફરીયાદીની ન હોય ત્યારે ફરીયાદી જમીન પર ખેતીવાડી વીજ જોડાણ ચાલુ કરાવવા હક્ક કરી શકે નહી. અને સામાવાળા માલિકીના પૂરાવાના અભાવે વીજ જોડાણ ચાલુ કરી શકે નહી. આમ, સામાવાળાએ અરજદારને આપેલ પ્રભાતસિંહની અરજીના આધારે વીજ જોડાણ કાપી નાખેલ છે. તે યોગ્ય છે તેમ ઠરાવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

ફરિયાદીશ્રી રીટાબેન લલીતચંદ્ર પટેલ, મુ.: સાંગાડોલ, તા.વાઘોડીયા, જી.: વડોદરા ના ને હુકમ કરવામાં આવે છે કે સામાવાળાએ ગ્રાહક શ્રી પ્રભાતસિંહ માનસિંહ રાઠોડે પોતે પોતાની સ્વમરજીથી પોતાનું વીજ જોડાણ હંગામી ધોરણે બંધ કરવા એમજીવીસીએલને લેખીત અરજી કરેલ જેથી તે વીજ કનેકશન કાપવાનુ બરાબર અને યોગ્ય છે.

| | | |
|---|---|---|
| (એ. જી. શાહ) | (હર્ષા એસ. ચૌહાણ) | (પી. જે. પટેલ) |
| ટેકનિકલ મેમ્બર | ઇન્ડીપેન્ડન્ટ મેમ્બર | ચેરપરસન |

આપને ફોરમના ઉપરોક્ત ઓર્ડરથી અસંતોષ હોય તો આપ સ્ટાફ ઓફિસર, ઇલેક્ટ્રીસીટી ઓમ્બડસમેન્ટની ઓફિસ, ગુજરાત ઇલેક્ટ્રીસીટી રેગ્યુલેશન કમીશન, બેરેક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. જીઇઆરસી નોટીફિકેશન ૨૦૧૫ ના નોટીફિકેશન નં. ૪ ના ચેપ્ટર નં. ૫ ના ક્લોઝ નં. ૧૩ મુજબ. ઓમ્બડસમેન્ટ સમક્ષ રજૂઆત કરી શકો છો.

<u>વિદ્યુત લોકપાલ સમક્ષ રજૂઆત કરવાની કાર્ય પદ્ધતિ</u>:

(૧) ફોરમના હુકમની તારીખથી ૩૦ દિવસની અંદર વિદ્યુત લોકપાલને રજુઆત કરવી આવશ્યક છે.

(૨) અરજી વિદ્યુત લોકપાલની ઓફિસે મોકલવી તથા તે અરજીની નકલ તમામ સામાવાળા પક્ષકારોને આપવાની રહેશે.

(૩) ફરિયાદીના નામ / સરનામા સાથે સહીવાળી લેખિત રજૂઆત કરવી.

(૪) રજૂઆત સોગંદનામા સહિત હોવી જરૂરી છે.

(૫) ફોરમ સમક્ષ કરેલ અરજી તથા ફોરમે કરેલ હુકમની ખરી નકલ બિડાણ કરવાની રહેશે. અરજી સાથે ખરાઇ (સર્ટીફાઇડ) કરેલ દસ્તાવેજો જોડવા જરૂરી છે.

(૬) ફોરમના હુકમ મુજબ ફરિયાદીને જો કોઇ રકમ ભરપાઇ કરવાની થતી હોય તો તે રકમના ત્રીજા ભાગની રકમ ભરપાઇ કરી તેના પુરાવા અરજી સાથે બિડવાના રહેશે.

(૭) સદર ફરિયાદ કોઇ પણ સક્ષમ ફોરમ અથવા કોઇ પણ કોર્ટ, ટ્રીબ્યુનલ, આરબીટ્રેટર, કે અન્ય કોઇ ઓથોરીટી સમક્ષ પડતર ન હોવી જોઇએ.

(૮) બધી જ રજૂઆતો પ્રથમદર્શીય નુકશાન અને અગવડતાના સંદર્ભમાં પુરતા અને વાજબી કારણોસરની હોવી જોઇએ.

(૯) રજુઆત અંગ્રેજી અથવા ગુજરાતી ભાષામાં કરી શકાશે.